# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

## પ્રથમ વર્ષ અભ્યાસક્રમ-૮

જાન્યુઆરી -2

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

**પ્રશ્ન-૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. ગૌતમ સ્વામી ...................... સિદ્ધ થયા.
૨. બે હાથ, બે ઢીંચણ અને મસ્તક એમ પાંચ અંગો ભૂમિને સ્પર્શે તે ...................... કહેવાય.
૩. ...................... થી નવા કર્મ બંધાતા અટકે છે.
૪. ગુણાનુરાગી જીવ નિર્ગુણીના તરફ પણ .......................... જ ધારણ કરે છે.
૫. ........................... વિના મોક્ષ નથી.
૬. જયાં વ્યકિતઓમાં ............................ થશે ત્યાં સ્વયંમેવ બહુમાન, સન્માન જાગશે.
૭. મહાવીર પ્રભુના પિતા ......................... ગોત્રવાળા હતા.
૮. રોહીણી ધર્મ પામ્યા છતાં ......................... ના વશ બધુંજ હારી ગઇ.
૯. કર્મની આત્માના સાથે રહેવાના કાળ સમયને ..................... કહેવાય છે.
૧૦. વિવેક એટલે સારી-ખરાબ અથવા ખરી-ખોટી વસ્તુનું .................... .
૧૧. વર્ધમાન કુમારે પંડીતને આપેલા ઉત્તર પર થી .......................... તૈયાર થયું.
૧૨. જે જીવ બહારની ચમક-દમક જોઇને અંજાઈ જાય છે તેની પાસે .......................... નથી.
૧૩. કર્મ પુદ્ગલોને આત્માથી જુદા કરવા તે ...................... છે.
૧૪. સંસારના બધા સંબંધો ............................... છે.
૧૫. કાયા વગૈરે વ્યાપારનો ત્યાગ અને યોગની નિશ્ચલતા તે ............................... તપ છે.
૧૬. ગુરૂસ્થાપના સૂત્રનું બીજું નામ ........................... છે.
૧૭. સૌથી વધારે ઉંચાઇ ............................ નારકીના જીવોની છે.
૧૮. તીર્થંકરોએ આપેલા દાનને ...................... પોતાના ભંડાર માં રાખે.
૧૯. જેનો પરિવાર સદાચારયુક્ત હોય તે ......................... કહેવાય.
૨૦. ........................... મહાભયંકર સર્પનુ રૂપ લઇને આમલી વૃક્ષને વીટાળીને પ્રભુની પરીક્ષા લેવા આવ્યા.

**પ્રશ્ન-૨ એકજ શબ્દમાં જવાબ આપો.** ૧૫

૧. વલ્કલચિરી કયા ભેદે સિદ્ધ થયા ?
૨. ગુણવાન મહાત્માઓની સન્માનપૂર્વક ભક્તિ કરવી તે શું છે ?
૩. કયા સૂત્રમાં આચાર્ય ભગવંતના ૩૬ ગુણોનું વર્ણન છે ?
૪. શ્રમણ ભગવાન મહાવીરના પત્નિ યશોદાનું ગોત્ર કયું હતું ?
૫. અનસન એટલે શું ?
૬. મોહરાજાના સેનાપતિ નો પુત્ર કોણ હતો ?
૭. લોચ એ કયું તપ છે ?
૮. રાજાના ભંડારી જેવુ કયું કર્મ છે ?
૯. કષાય, મિથ્યાત્વ, કર્મ આદિના ત્યાગને શું કહેવાય ?
૧૦. શકિત હોવા છતાં કોની શક્તિ આત્મકલ્યાણ માં સહાયક નથી બનતી ?
૧૧. પ્રિયદર્શના નું બીજું નામ શું હતું ?
૧૨. ઇચ્છકાર સૂત્રથી ગુરૂની સુખશાંતી પુછવા બપોર પછી શું કહેવું જોઈ એ ?
૧૩. ગુણાનુરાગી ગુણવાનજનોનું શું કરે છે ?
૧૪. પૂરાણા કર્મ શેનાથી ક્ષય થાય છે ?
૧૫. સાધુઓ કેટલી કર્મભૂમિઓમાં હોય છે ?

**પ્રશ્ન-૩ નીચે આપેલા શબ્દોના અર્થ લખો.** ૧૦

૧) રસચ્ચાઓ ૨) દંસણા વરણે ૩) ચઉ ૪) નવવિહ ૫) સંયઓ ૬) અબ્ભિતરઓ ૭) જોયણ ૮) જોણી
૯) સુપક્ખો ૧૦) સવ્વેસિં ૧૧) નેરઇયા ૧૨) ભેયા ૧૩) ચરિત ૧૪) પરસ્ય ૧૫) આલાવે ૧૬) અણાઈ
૧૭) કલુસિય ૧૮) પવત્તઇ ૧૯) પરિહીણં ૨૦) રાયકહાએ

**પ્રશ્ન-૪ જોડકા જોડો (ફક્ત બી નો નંબર લખો)** ૧૦

| એ | બી |
|---|---|
| ૧) ત્રિશલા | ૧) મોહનીય કર્મ |
| ૨) વિચક્ષણ | ૨) રસ |
| ૩) મરૂદેવા માતા | ૩) દક્ષ |
| ૪) શેષવતી | ૪) સ્વાધ્યાય |
| ૫) અનુપ્રેક્ષા | ૫) પ્રીતિકારિણી |
| ૬) અનુભાગ | ૬) કુંભાર |
| ૭) ચિત્તની શુદ્ધિ | ૭) અતીર્થ સિદ્ધ |
| ૮) યોગની એકાગ્રતા | ૮) પ્રાયશ્ચિત |
| ૯) ગોત્ર કર્મ | ૯) યશસ્વતી |
| ૧૦) મદિરા | ૧૦) ધ્યાન |

**પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. કર્મની મુળ પ્રકૃતિ કેટલી ?
૨. વિનય તપના પ્રકાર કેટલા ?
૩. તિર્યંચ પંચેન્દ્રિયના કેટલા ભેદ ?
૪. બ્રમ્હચર્યની વાડ કેટલી ?
૫. વીરપ્રભુનો ગૃહવાસ કેટલા વર્ષ નો હતો ?
૬. સિદ્ધના ભેદ કેટલા ?
૭. ચઉરેન્દ્રિય ની શરીરની ઉંચાઈ કેટલી ?
૮. સાધુ કેટલાં શીલ ચારિત્ર ના અંગના ધારક છે ?
૯. એક સમયમાં વધુમાં વધુ કેટલા મોક્ષે જાય ?
૧૦. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતી કેટલી ?

**પ્રશ્ન-૬ નીચેના વાકયો સાચા (✓) છે ખોટા ( × ) તે જણાવો.** ૧૦

૧. આર્ત અને રૌદ્રધ્યાન સંસાર ઘટાડનારા છે.
૨. મધથી ખરડાયેલ તલવાર જેવું વેદનીય કર્મ છે.
૩. ગુજરાતમાં તો ધોળે દિવસે લુંટ થાય છે એ રાજકથા છે.
૪. તીર્થંકરોએ આપેલા દાનના પ્રભાવ થી ઇંદ્રો માં ૨ વર્ષ સુધી કલહ ન થાય.
૫. ઇચ્છકાર સૂત્રથી ગુરૂને અવિનય-અપરાધ ખમાવાય છે.
૬. ઉદરપૂર્તિ માટે જેટલું જરૂરી છે તેટલું વાપરવું તે ઉણાદેરી તપ છે.
૭. શ્રમણ ભગવાન મહાવીર ના માતા પિતા પાર્શ્વનાથ પ્રભુ ના ભક્ત શ્રાવક હતા.
૮. ગાંગેય સ્વલિંગ સિદ્ધ થયા.
૯. દુર્યોધનને સભામાં બધા દુર્જન દેખાયા.
૧૦. ભવનપતિ દેવો વિદ્યાધરોને દાન લેવાની ખબર આપે.

**પ્રશ્ન-૭ નીચેનું વાકય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. ચૌદ રાજલોકમાં કાર્મણ વર્ગણા તો ઠાંસી ઠાંસી ને ભરેલી છે.
૨. "રાજન મારી દિકરી મારી વાત માનતી નથી, એ મારા કહ્યામાં નથી."
૩. બીજા 'વીર' અને આપ આપના ધૈર્ય અને પરાક્રમથી 'મહાવીર' છો.
૪. આ સૂત્ર ગુરુના અભાવે ધર્મ પુસ્તકાદિમાં ગુરુબુદ્ધિ રાખી તેની સ્થાપના કરવા ઉપયોગમાં લેવાય છે.
૫. સમ્યગદર્શનની સાથે પ્રાપ્ત કરેલા વ્રતો આદિમાં પણ અતિચાર ઘટતા જાય છે.
૬. કાર્મણ વર્ગણા આત્મા સાથે ક્ષીર-નીરની જેમ જોડાઇને કર્મબંધ બને છે.
૭. આત્માની સાથે જોડાતા શુભ-અશુભ કર્મના રસમાં તરતમતા હોય.
૮. ત્રીજો શિષ્ય ઉદ્યમવંત બનીને પરિવારને અપ્રમાદી બનાવતો રહયો.
૯. અનુભાગ તે રસ જાણવો અને દલિકનો સંગ્રહ અથવા સમુદાય તે પ્રદેશ જાણવો.
૧૦. જિનશાસન ગુણોનો પુજારી છે વ્યક્તિનો નહી.

**પ્રશ્ન-૮ તમારી ભાષામાં સમજાવો.** ૧૫

૧) કર્મપ્રકૃતિઓના સ્વભાવ જણાવો (કોઈ પણ બે) ૨) જેવી દૃષ્ટી તેવી સૃષ્ટિ ૩) ગુરુસ્થાપના સૂત્ર
૪) પ્રભુ મહાવીર નો પરિવાર ૫) પ્રદેશબંધ

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.shatrunjayacademy.com